કેટલીક ટ્રાફિક સિગ્નલ લાઈટો તૂટી ગઈ તો કેટલીક થાંભલા ઉપર લટકતી જોવા મળે છે

બારડોલીમાં લાખોના ટ્રાફિક સિગ્નલો બંધ

તંત્રની બેદરકારીથી વાહનચાલકો ભારે પરેશાન

સર્કિટ હાઉસ અને ધૂલિયા ચાર રસ્તા સહિતના મુખ્ય પોઈન્ટો પર સિગ્નલો બંધ હાલતમાં હોવાથી અકસ્માતોનું જોખમ વધ્યું





ધુલીયા ચોકડી નજીક વર્ષોથી ક્રેનના માલિકોએ અડ્ડો જમાવ્યો

ધુલીયા ચોકડી નજીક વર્ષોથી ક્રેનના માલિકોએ અડ્ડો જમાવ્યો છે છતાં આ બાબતે હાઇવે પોલીસ કે પછી સ્થાનિક પોલીસ પણ તેને આજદિન સુધી દૂર કરી શક્યા નથી તે પણ એક ચર્ચાનો વિષય છે. અવાર નવાર આ મામલે રજૂઆત પણ થઇ છે છતાં પણ આ ક્રેન દૂર ન કરાતા પોલીસની મૌન ભૂમિકા ઘણું ખરું કહી જાય છે.

બારડોલી: બારડોલી નગરમાં વિવિધ ચોકડીઓ ઉપર લાખો રૂપિયાના ખર્ચે લગાડવામાં આવેલા ટ્રાફિક સિગ્નલ હાલ શોભાના ગાંઠિયા સમાન બની છે. જેને પગલે સ્થાનિક વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

બારડોલી સર્કિટ હાઉસ નજીકથી પસાર થતાં ને. હા. નં-53 સહિત દરેક પોઈન્ટ ઉપર તંત્ર દ્વારા લાખોના ખર્ચે ટ્રાફિક સિગ્નલો લગાવ્યા હતા. પરંતુ યોગ્ય માર્ગ મકાન વિભાગની દેખરેખના આભાવે આ સિગ્નલો હાલ બિસમાર હાલતમાં હોવાથી લાખો રૂપિયા પાણીમાં વહ્યા હોય તેવું લાગી રહ્યું છે. બારડોલી વિસ્તારમાં લગાવવામાં આવેલા કેટલીક ટ્રાફિક સિગ્નલ લાઈટો તૂટી ગઈ છે અને કેટલીક થાંભલા ઉપર લટકતી જોવા મળે છે. સર્કિટ હાઉસ વિસ્તાર, ધુલીયા ચાર રસ્તા, સુરતી જકાતનાકા અને કડોદ તરફ જતા મુખ્ય માર્ગને જોડતો માર્ગ અંત્યંત વ્યસ્ત વિસ્તાર છે સિગ્નલ બંધ હોવાથી પીકઅવર્ષ દરમ્યાન અહીં વારંવાર ટ્રાફિક જામ સર્જાય છે. જેના કારણે અવાર નવાર અકસ્માતની પણ ઘટના બનતી રહે છે. પોલીસ પ્રસાશન પણ આ બાબતે માર્ગ મકાન વિભાગ સહીત જવાબદાર તંત્ર સાથે સંકલન ન સાધતા આ સમસ્યા સર્જાય છે જેને લઈ સ્થાનિક વાહન ચાલકો પરેશાન થઇ રહ્યા છે. જેથી સ્થાનિકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. શું માર્ગ મકાન વિભાગ તેમજ પોલીસ પ્રસાશન આ ટ્રાફિક સિગ્નલો ચાલુ કરાવવામાં રસ દાખવશે કે પછી આમને આમ જ ગાડુ ગબડાવશે તે હવે જોવું રહ્યું?

શરૂઆતમાં આ સિગ્નલ લાઈટો ચાલુ હતી ત્યારે દરેક વાહન ચાલકો નિયમોનું પાલન કરતાં હતા અને જેથી ટ્રાફિક સમસ્યા હળવી થઇ હતી. પરંતુ ત્યારબાદ તંત્રની આળસાઈ અને યોગ્ય સમારકામ કે જાળવણી ન કરાતા લાખો રૂપિયાનો વેડફાટ થયો છે.

અધિકારીઓ એ.સી. ઓફિસ છોડી બહાર નીકળે તો પ્રજાની સમસ્યા સમજી શકે

બારડોલીની ધુલીયા ચોકડી ઓવરબ્રિજ નજીક પણ ખાણી પીણીની દુકાનો આવેલી છે. જ્યાં પણ પાર્કિંગના અભાવે તેમજ ટ્રાફિક સિગ્નલના આભાવે ત્યાંથી પસાર થતા વાહન ચાલકો રસ્તા ઉપર આડેધડ પાર્કિંગ કરતાં હોય છે તો બીજી તરફ લારીવાળાઓ પણ રસ્તા ઉપર અડિંગો જમાવતા આ માર્ગ ઉપર ભારે ટ્રાફિકજામ સર્જાય રહ્યો છે, છતાં તંત્રનું પેટનું પાણી હલતું નથી. પછી ભલેને સ્થાનિક વાહન ચાલકોનું જે થવું હોય તે થાય. જવાબદાર અધિકારીઓ એ. સી ઓફિસ છોડી બહાર નીકળે તો પ્રજાની સમસ્યા સમજી શકે એમ છે. સ્થાનિક પ્રસાશન અને જવાબદારો આ બાબતે ઘોર નિંદ્રામાંથી જાગે અને પ્રજાને પડતી મુશ્કેલી દૂર કરે એવી માંગ ઊઠી છે.

માંડવીમાં બંધ મકાનમાંથી ત્રણ લાખની મતાની ચોરી

ત્રણ કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ ઉઠાવી ફરાર

માંડવી: માંડવીના અંબાજી રોડ વિસ્તારમાં તસ્કરોએ બંધ રહેણાંક મકાનને નિશાન બનાવીને રૂ.૩ લાખની મત્તાની ચોરી કરી પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો છે. માંડવીના પંમ્પિંગ સ્ટેશન પાછળ રહેતા ૬૦ વર્ષીય જગદીશભાઈ ઉત્તમભાઈ મિસ્ત્રીના મકાનમાં ૧૧ નવેમ્બરના બપોરે ૨ વાગ્યાથી ૧૨ નવેમ્બરની સવારે ૧૦:૩૦ વાગ્યા દરમિયાન ચોર ટોળકી ત્રાટકી હતી. મકાન બંધ હોવાનો લાભ ઉઠાવી તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળું અને અડાંગરો તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

રૂમમાં ૩ કબાટના લોકર તોડી રૂ.૧.૨૦ લાખની ૩ સોનાની ચેઈન, રૂ.૪૦ હજારની ૪ વીંટી, રૂ.૨૦ હજારની ૨ બુટ્ટી તથા રૂ. ૩૦ હજારના ચાંદીના સાંકળા-લુઝ દાગીના મળી કુલ રૂ. ૨.૧૦ લાખના ઘરેણાં અને ૨ કબાટમાંથી રૂ.૯૦ હજાર રોકડા મળી કુલ ૩,૦૦,૦૦૦ની મત્તા ચોરી ગયા હતા. આ બનાવ અંગે મકાન માલિકની ફરિયાદ આધારે માંડવી ઈન્ચાર્જ પીઆઈ એમ.એચ. સોલંકીએ તપાસ હાથ ધરી છે.

ચોરીની એમ.ઓ. અને કારણો અંગે તપાસ કરતાં જણાયું કે તસ્કરોએ અગાઉથી બંધ મકાનની રેકી કરી હતી. મુખ્ય દરવાજાનું તાળું અને આગળિયો એકસાથે તોડવાની પદ્ધતિ દર્શાવે છે કે ચોરો પાસે લોખંડના સળિયા કે ગણેશીયા જેવા સાધનો હતા. ઘરના મુખ્ય દરવાજા પર બહારથી તાળું મારેલું હોવાથી પરિવાર બહારગામ હોવાની તસ્કરોને સરળતાથી જાણ થઈ ગઈ હતી, જે ચોરીનું મુખ્ય કારણ બન્યું હતું.

આ તસ્કરોને પકડવા માટે પોલીસની સઘન કાર્યવાહી અંતર્ગત અંબાજી રોડ, પંમ્પિંગ સ્ટેશન તેમજ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ્સના સીસીટીવી ફૂટેજ ચકાસી શંકાસ્પદ વાહનો અને શખ્સોની ઓળખ મેળવવી અનિવાર્ય છે. આ ઉપરાંત, ઘટના સમયગાળા દરમિયાન વિસ્તારમાં એક્ટિવ મોબાઈલ ટાવર ડમ્પ ડેટાનું વિશ્લેષણ ગુનેગારો સુધી પહોંચાડી શકે છે, તેમજ હિસ્ટ્રીશીટરો અને આંતરજિલ્લા ટોળકીઓની હિલચાલ પણ તપાસવી જરૂરી છે.

પીપોદરા હાઈવે પર અજાણ્યા વાહને યુવકને કચડી નાંખ્યો

હથોડા: પીપોદરા જીઆઇડીસી નજીક હાઈવે ક્રોસ કરી રહેલા બે મિત્ર પૈકી એકને વાહનચાલકે અડફેટમાં લેતાં ઘટના સ્થળે મોત થયું હતું

પાલોદ પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ મૂળ બિહારનો વતની અને હાલમાં પીપોદરા જીઆઇડીસી ની ફેક્ટરીમાં કામ કરીને ગુજરાન ચલાવતો મિથિલેશ કુમાર યાદવ નામનો યુવાન તેના મિત્ર સંજય રાય સાથે નજીકના માર્કેટમાં ખરીદી કરવા ગયા હતા.

ખરીદી કરીને તેઓ પોતાના રૂમ પર પરત થતા હતા, ત્યારે તેઓ પેટ્રોલ પંપની સામે રોડ ક્રોસ કરવા જતાં ધસી આવેલા અજાણ્યા વાહને મીથીલેસ કુમાર યાદવને અડફેટમાં લેતાં તેનું ઘટના સ્થળે મોત થયું હતું. પાલોદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આમોદ કોર્ટ પાસે બમ્પરના કારણ બાઇક પરથી પટકાતાં મહિલાનું મોત

સૂચનાત્મક બોર્ડ અને સ્પીડ બ્રેકર પર સફેદ પટ્ટા પણ દોરવામાં આવ્યા નથી



આમોદ: આમોદ કોર્ટ નજીક શનિવારે બપોરે બનાવવામાં આવેલા જોખમી સ્પીડ બ્રેકરને કારણે એક મહિલાનું મોત થયું છે. ગેરકાયદે બનાવેલા બમ્પ ઉપરથી બાઇક પસાર થતાં પતિ-પત્ની ગંભીર રીતે પટકાયા હતા. આમોદ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. વાગરાના વિલાયત ગામના સૈયદ સિરાજભાઈ પોતાની પત્ની સુભાનબીબી સાથે બાઇક પર પાલેજથી આમોદ તરફ આવી રહ્યા હતા. તે વખતે આમોદ કોર્ટ પાસે શનિવારે બપોરે લગભગ એક કલાકે બનાવેલા હાઇટેડ જોખમી સ્પીડ બ્રેકર (બમ્પર) ઉપરથી પસાર થતાં પતિ-પત્ની રોડ પર ફંગોળાયા હતા. જેમાં પત્ની સુભાનબીબીને વધુ ઇજાઓ થતાં તેમને સારવાર માટે ૧૦૮ મારફતે આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન મહિલાનું મોત થયું હતું. ઉલ્લેખનીય છે કે આમોદ કોર્ટ પાસે બનાવેલા સ્પીડ બ્રેકર પાસે સલામતીનાં પ્રશ્નો હવે ઉદભવ્યા છે. વાહનચાલકોની સુરક્ષા માટે સૂચનાત્મક બોર્ડ અને સ્પીડ બ્રેકર પર સફેદ પટ્ટા પણ દોરવામાં આવ્યા નથી. જેથી માર્ગ સલામતી માટે બંને વ્યવસ્થા કરવા પ્રબળ માંગ ઉઠાવવામાં આવી છે.

ઉચ્છલમાં ઓવરટેક કરવા જતાં ટેમ્પોને અકસ્માત, ચાલકનું મોત



વ્યારા: તાપીમાં ઉચ્છલ તાલુકામાં આનંદપુર ગામે છેલ્લાં બે દિવસનાં સમયગાળામાં બીજો અકસ્માત સર્જાયો હતો. ઓવરટેક કરવાની લ્હાયમાં આઇસર ટેમ્પો ટ્રક પાછળ ઘૂસી જતાં ટેમ્પોચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ ગત રોજ મળસ્કે ત્રણેક વાગ્યાના અરસામાં સુરત- ધુલિયા નેશનલ હાઈવે નં.53 પર સોનગઢથી નવાપુર તરફ જતાં લેન પર ઉચ્છલ તાલુકાના આનંદપુર ગામમાં પ્રાથમિક શાળાની સામે આઈસર ટેમ્પો (નં. GJ 19 Z 6267)ના ચાલક દિનેશભાઈ બિપીનભાઈ વસાવે (ઉં.વ.33, ડ્રાઇવર, રહે., રાયગન વસાવે ફળિયું, તા.નવાપુર, જિ.નંદરબાર)એ પોતાના કબજાનો ટેમ્પો ગફલતભરી રીતે હંકારી સામે જતી અજાણી ટ્રકને ઓવરટેક કરવા જતાં ટેમ્પોને ટ્રકના પાછળના ભાગે ઘૂસાડી દીધો હતો. ટ્રકના પાછળનાં ભાગે ટેમ્પો ધડાકાભેર અથડાતાં ટેમ્પોના કેબિનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. કેબિનની અંદર ચગદાઈ જતાં ગંભીર ઈજા થતાં ટેમ્પોચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. સમગ્ર બનાવને લઈ ઉચ્છલ પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

ખાત્રાદેવી પાસે કારે બાઈકને અડફેટે લેતાં ચાલકનું મોત, એક ઇજાગ્રસ્ત

માંડવી: માંડવી તાલુકાના વીસડાલીયા ગામના પુલ ફળિયામાં રહેતા અને વાંસની હસ્તકલાની વસ્તુઓ બનાવી તથા મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા 40 વર્ષીય સુમજીભાઈ વસાભાઈ કોટવાળીયા ગત 9મી નવેમ્બરના રોજ સાંજે સવા પાંચેક વાગ્યાના અરસામાં પોતાના બનેવી ચૈતરીયાભાઈ નરતીયાભાઈ કોટવાળીયા (ઉં.વ.48, રહે., દેવગઢ, અંવારવાડી ફળિયું) સાથે પોતાની બજાજ મોટરસાઇકલ (નં. GJ-19-BL-8135) પર સવાર થઈને ઉમરપાડા તાલુકાના ધાનાવડ ગામે જવા માટે નીકળ્યા હતા. દરમિયાન,ખાત્રાદેવી ગામના સ્ટેશન નજીક શેવરોલેટ ટવેરા કારના (નં. GJ-26-A-2402) ચાલકે પોતાના વાહન પરનો કાબૂ ગુમાવી દેતાં સુમજીભાઈની મોટરસાઇકલને જોરદાર ટક્કર મારતા સુમજીભાઈને ગંભીર તથા જીવલેણ ઇજાઓ પહોંચી હતી, જ્યારે પાછળ બેસેલા તેમના બનેવી ચૈતરીયાભાઈને જમણા પગના ઘૂંટણના ભાગે ફ્રેક્ચર થયું હતું. ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન સુમજીભાઈનું મોત થયું હતું. મૃત જાહેર કર્યા હતા. આ સમગ્ર દુર્ઘટના અંગે મૃતકની પત્ની મંજુલાબેન કોટવાળીયાએ માંડવી પોલીસ મથકમાં અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા અજાણ્યા ટવેરા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

પીપોદરામાં મંદિરે દર્શને આવેલા સુરતના પરિવારના રૂ.50 હજાર ચોરાયા

મોગલધામ મંદિરમાં ભીડનો લાભ ઉઠાવી ખિસ્સામાંથી તસ્કરે રકમ સેરવી લીધી

હથોડા: પીપોદરા ખાતે આવેલા મોગલધામ મંદિરના દર્શન ખાતે આવેલા ભક્તજનોની ભીડનો લાભ લઈને તસ્કરોએ સુરતના પરિવારના ઈસમના ખિસ્સામાંથી રૂપિયા 50000 સેરવી લેવાનો બનાવ બન્યો હતો.

ઘટનાની વિગત એવી છે કે સુરતના યોગીચોક ખાતે રહેતા દિનેશભાઈ પટોલીયા પરિવાર સાથે માંગરોળ તાલુકાના પીપોદરા ખાતે આવેલ મોગલ ધામ મંદિરના દર્શને ગયું હતું. અત્રે દૂરથી દર્શનાર્થીઓ મોટી માત્રામાં આવતા ભીડનો લાભ લઈને અજાણ્યા ચોર જેવા ઈસમોએ દિનેશભાઈને નિશાન બનાવી તેમના ખિસ્સામાંથી રૂપિયા 50,000 કાઢી લીધા હતા. મંદિરના દર્શને આવેલા દિનેશભાઈ પોતાની ગાડી પાર્ક કરીને પોતાના ખિસ્સામાં નોટોનું બંડલ મુકતા જે ઘટના અજાણ્યા ચોરટાઓ જોઈ જતાં ઘટનાને અંજામ આપવા માટે એક મોપેડચાલક સહિત બે ચોરે પીછો કરી દિનેશભાઈ મંદિરમાં જાય તે પહેલાં અટકાવવાનો તેમજ દિનેશભાઈનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કર્યો હતો. એક ચોર ઈસમે 50,000 ખિસ્સામાંથી કાઢી લીધા હતા. ઘટના બાબતે નજીકમાં આવેલ પાલોદ પોલીસ મથકે જાણ કરવામાં આવતા પોલીસે ઘટના સ્થળે પહોંચી સીસીટીવી કેમેરા ની ચકાસણી હાથ ધરતા એક activa ચાલક સહિત ત્રણેક ઈસમો શંકાસ્પદ દેખાયા હતા પોલીસે સીસીટીવી કેમેરા ના આધારે વધુ તપાસ હાથ ધરીને ચોરોને પકડી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

કડોદરામાં જુગારધામ પર પોલીસ ત્રાટકી, ભાગદોડ મચી

પલસાણા: કડોદરા GIDC પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સત્યમનગર સોસાયટીના પ્લોટ નં-૩૭૧માં ઉદયભાન શિવવિશાલ શુક્લાના મકાનમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડા પાડી જુગાર રમતા ૧૦ પરપ્રાંતીય ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પકડાયેલા તમામ આરોપીઓ મૂળ ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના વતની છે અને હાલ કડોદરા-પલસાણા વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ રહી મજૂરીકામ કરે છે. ઝડપાયેલા આરોપીઓમાં નિરજકુમાર કલ્લુ ગૌતમ, મોહિતકુમાર પ્રેમચંદ્ર જાટવ, સત્યમ પ્રેમચંદ્ર જાટવ, રાજેશકુમાર શિવદયાળ વર્મા, જીતેન્દ્ર મહારાજસિંગ ચમાર, અંકિતસિંગ લજ્જારામસિંગ રાજપુત, સુભાષ સુનિલ ચૌધરી, અજયકુમાર વાસુદેવ પાંડે, ગજેન્દ્રસિંહ શ્રીપાલ જાટવ અને રાઘવેન્દ્ર અમરસિંગ દોહરેનો સમાવેશ થાય છે. પોલીસે રોકડા ૯ જેટલા મોબાઈલ ફોન મળીને કુલ રૂ.૮૩,૫૭૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સોનગઢમાં ઉભેલા ટ્રેક્ટર ટ્રોલી પાછળ બાઈક અથડાતાં યુવકનું મોત

સોનગઢ: સોનગઢ તાલુકાના ગુણસદાના નવાગામ ફળિયામાં રહેતો અને ઉકાઈ થર્મલમાં એપ્રેન્ટિસ તરીકે ફરજ બજાવતો આશિષકુમાર મનાભાઈ ગામીત (ઉં.વ.૨૭) શુક્રવારે રાત્રે પોતાની રોયલ એનફિલ્ડ બાઈક (નં. GJ-26-AL-6297) લઈને વાંકડીયા પુલથી ભીમપુરા તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન સી.પી.એમ. કંપનીના મેઈન ગેટ નજીક લાકડા ભરેલી એક ટ્રેક્ટર ટ્રોલી (નં. DD-03-M-7217) બેદરકારીપૂર્વક ઊભી હતી. રાત્રિના અંધારામાં પાછળથી આવી રહેલા આશિષને વાહન દેખાયું ન હતું અને તેની બાઈક ટ્રોલી સાથે ધડાકાભેર અથડાતાં આશિષને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યું હતું. મૃત જાહેર કર્યો હતો. પિતાની ફરિયાદના આધારે ટ્રેક્ટર ચાલક સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

કોસંબા મર્કન્ટાઈલ બેંકની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જંગ

હવે 7,600 જ મતદારો રહેતા ચૂંટણીમાં રસાકસી જામશે, બંને પક્ષ દ્વારા જોરશોરથી ચૂંટણી પ્રચાર શરૂ કરી દેવાયો

હથોડા: કોસંબા તરસાડી સહિત માંગરોળ તાલુકામાં પ્રચલિત બનેલી કોસંબા મર્કન્ટાઈલ બેંકની તાજેતરમાં ચૂંટણી યોજનાર છે આ ચૂંટણીમાં ભાજપની જ બે પેનલ અને કોંગ્રેસની એક પેનલએ ફોર્મ ભર્યા હતા. જેમાં ભારે સમજાવટ બાદ ભાજપની એક પેનલે ફોર્મ પરત ખેંચી લેતાં અને ચૂંટણી લડવા મેદાનમાં ઉતરેલી કોંગ્રેસની પેનલ અડગ રહેતા હવે આગામી તારીખ 22મી નવેમ્બરે યોજાનારી ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો ચૂંટણી જંગ ખેલાશે.

પહેલા મર્કન્ટાઇલ બેન્કમાં 22,000થી વધુ મતદારો હતા પરંતુ કેવાયસી થયા બાદ માત્ર 7,600 જેટલા મતદારો રહેતા હવે ચૂંટણી પણ રસાકસી રહેવાની ચર્ચા જનતામાં ચર્ચા રહી છે. ભાજપ ની ટીમને નાળિયેરનો નિશાન ફાળવી દેવામાં આવ્યો છે.

જ્યારે કોંગ્રેસની ટીમને અલગ અલગ નિશાન ફાળવી દેવામાં આવતા ભારે અન્યાય થયું હોવાનું ગણ ગણાટ સાંભળવા મળ્યું હતું. છતાં પણ કોંગ્રેસે પણ જોર શોર થી પ્રચાર શરૂ કરી દીધો છે. પાંચ વર્ષના અંતે બેંકની યોજનારી ચૂંટણીના પગલે તરસાડી કોસંબા સહિત માંગરોળ તાલુકામાં ભારે ઉત્તેજના જણાય છે. અને કોંગ્રેસ-ભાજપ વચ્ચે ચૂંટણીમાં ખેલાનારા જંગ ઉપર વિસ્તારની જનતાની નજર મંડાઈ છે.

સંક્ષિપ્ત સમાચાર

કડોદ વિભાગ સેવા સહકારી મંડળીને સુરત જિલ્લા સહકારી સંઘનો શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ



સુરત: સુરત જિલ્લા સહકારી સંઘ દ્વારા આયોજિત ૨૦૨૫-૨૬ માં શ્રેષ્ઠ કામગીરી કરનાર સંસ્થામાં સેવા સહકારી સંસ્થાના વિભાગમાં કડોદ વિભાગ સેવા સહકારી મંડળી પ્રથમ ક્રમે આવતા સંસ્થાને શીલ્ડ અર્પણ કરવાનો કાર્યક્રમ જિલ્લા સંઘના કાર્યાલય, બારડોલી ખાતે યોજવામાં આવ્યો હતો. ગત વર્ષે સંસ્થાએ ૧૨,૭૯,૩૪,૧૯૪નું વેચાણ કર્યું હતું, સંસ્થાની કામગીરી ધ્યાનમાં લેતાં જિલ્લા સહકારી સંઘ આયોજિત શીલ્ડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થતાં સંસ્થાના પ્રમુખ બાલુભાઈ પ્રજાપતિ તથા ઉપપ્રમુખ કિરણભાઈ પટેલને જિલ્લા સહકારી સંઘના પ્રમુખ ભીખાભાઈ ઝ. પટેલની ઉપસ્થિતિમાં સંઘના મંત્રી રમણભાઈ અંબાલાલ પટેલના હસ્તે શીલ્ડ અર્પણ કરવામાં આવ્યું હતું તેમજ શાલ અને સૂતરની આંટી પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ઈન્ચાર્જ મેનેજર નરેશ પટેલ તથા ડિરેક્ટરો ઉપસ્થિત રહ્યા હતાં.

ધી પુરુષોત્તમ ફાર્મર્સ મંડળીને શ્રેષ્ઠ વહીવટ બદલ એવોર્ડ એનાયત



સાયણ: ધી પુરૂષોત્તમ ફાર્મર્સ કો.ઓ. કોટન જીનિંગ એન્ડ પ્રેસિંગ સોસાયટીએ સુરત અને તાપી જિલ્લાની અન્ય સહકારી સંસ્થાઓના વહીવટની હરીફાઈમાં પ્રથમ ક્રમે શ્રેષ્ઠ વહીવટ કરવા બદલ સુરત જિલ્લા સહકારી સંઘના પ્રમુખ ભીખાભાઇ ઝેડ.પટેલની ટીમે શનિવારે બારડોલી મુકામે યોજાયેલા સમારોહમાં ધી પુરૂષોત્તમ ફાર્મર્સના ચેરમેન મનહરભાઈ પટેલને શિલ્ડ અને એવોર્ડ એનાયત કરી શાલ ઓઢાડી સુતરની આંટીથી સન્માન કરાયું હતું. આ પ્રસંગે ભીખાભાઇ પટેલે ચેરમેન સહિત ઉપસ્થિત મંડળીના વાઇસ ચેરમેન જતિનભાઈ પટેલ, બોર્ડ ઓફ ડિરેક્ટરો, મેનેજર કમલેશભાઈ પટેલ અને કર્મચારીઓને અભિનંદન આપી તેઓના સુંદર અને પારદર્શક વહીવટની સરાહના કરી હતી. આ સન્માન મારું નહીં, પણ મંડળીના તમામ સભાસદો સહિત બોડર્-કર્મચારીઓનું હોવાનું જણાવતા ચેરમેન મનહરભાઈ આનંદવિભોર થયા હતા.

માંડવીમાં લાભપાંચમે શાકભાજી હરાજીના નવા RCC શેડનો શુભારંભ

માંડવી: માંડવી તાલુકા ફળ અને શાકભાજી ઉત્પાદકોની અને વેચાણ કરનારી સહકારી મંડળી લિ. દ્વારા ખેડૂતોના શાકભાજી હરાજીના કામકાજની શુભ શરૂઆત 75 લાખના ખર્ચે તૈયાર થયેલા નવા આર.સી.સી. શેડમાં લાભપાંચમના રોજ કરવામાં આવી છે. મંડળીના પ્રમુખ દિનેશભાઈ પટેલ, વેપારી બંધુ હસમુખભાઈ તંબોળી તેમજ ખેડૂત મિત્ર અશોકભાઈ વસાવા દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરી નવા આર.સી.સી. શેડને શાકભાજી હરાજી માટે વિધિવત રીતે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ ઉદ્ઘાટન સમારોહમાં મંડળીના ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ પરમાર, માનદ મંત્રી કનુભાઈ પટેલ, સભ્ય હસમુખભાઈ ચૌધરી મેનેજર કમલેશભાઈ પટેલ તેમજ તમામ કમિટી સભ્યો, વેપારી મિત્રો, ખેડૂત બંધુઓ અને મંડળીનો સમસ્ત કર્મચારીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

LCD તથા ટીવી નવી
તથા જુની લે- વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, DVD, હોમથિયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેક્ટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (12970)

મિલ્કત ભાડેથી

ભાડે આપવાનો છે
2 બેડરૂમ સેમી ફર્નિસ્ડ ફ્લેટ તારવાડી સિગ્નલ પાસે દલાલ માફ. ફોન- ૯૮૪૫૫૧૬૬૩૩. (12936)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

આશાપુરી 23/11.
પૂનમ, ડાકોર, અંબાજી, સુન્ધામાતા, આબુ, શ્રીનાથજી 30/11. જગ્નાથપુરી, ગંગાસાગર, કામાખ્યાદેવી, બૈજનાથ 24/12. અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલિંગ. 24/12. 9426741783 (12965)

ૐ શિવ ટ્રાવેલ્સ
17 18 નવેમ્બર (ઉદેપુર જયપુર ખાટુશ્યામ શ્રીનાથજી માઉન્ટઆબુ) (ગોકૂળ મથુરા વૃંદાવન) (સફેદરણ કચ્છ માતાનો મઠ માંડવી કોટેશ્વર અંજાર) (દ્વારકા સોમનાથ દીવ વિરપુર) (જોધપુર જેસલમેર જુનારણુજા માઉન્ટઆબુ) (ઘૃષ્ણેશ્વર ભીમાશંકર ત્ર્યંબકેશ્વર) 20 નવેમ્બર (મહાબળેશ્વર પંચગીની લોનાવાલા) (નાસિક શીર્ડી સપ્તશ્રૃંગી) ખરવરશેરી ભાગળ સુરત 9537838949, 9327199997 (12969)

મિલ્કત વેચવાની છે

કોમર્શિયલ ઓફિસ
વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા, સુરત ખાતે રેડી- ટુ- મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો. ફૂટ ઓફિસ નં 403: 2436 ચો.ફૂટ સુવિધાઓ: ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઈન નજીક. સંપર્ક: 9726009242 (11502)

વેચવાનો છે
310 વારનો બંગલા માટેનો પ્લોટ સારી સોસાયટીમાં સોમેશ્વર સોસાયટી વેસુ પાસે મોબાઈલ - 9898076797 (12966)

વેચવાનો છે
5000 વારનો પ્લોટ ફ્રી ઝોનમાં વેલુકગામ પછી જહાંગીરપુરા દાંડીરોડ પર મોબાઈલ 9898076797 (12967)

વેચવાનો છે
600 વારનો પ્લોટ બાપુજીની વાડી સુલતાનાબાદ ડુમ્મસરોડ મોબાઈલ 9898076797 (12968)

નોકરી વિષયક

Coco BP Navipardi
કંપની સંચાલિત પેટ્રોલપંપ પર કામ માટે સ્ટાફ જોઈએ છે (છોકરા/ છોકરી). Coco BP Navipardi પેટ્રોલપંપ કામરેજ સુગરની સામે નવીપારડી કામરેજ સુરત આકર્ષક પગાર. 9104538350, 9979040002 (12962)

દુકાન ના કામ માટે
માણશ ની જરૂર છે. નેવટીવાલા ટાવર પાસે પોલીસ ચોકીની બાજુમાં સુરત (12964)

માપ લેવા માટે માસ્ટર
જોઈએ છે સુટ, શર્ટ, પેન્ટ, શેરવાની, કુર્તા પાયજામા માટે જેન્ટસ માસ્ટર જોઈએ છે. ઈરફાન ટેક્ષટાઈલ (મોતીવાલા) શોરૂમ સંપર્ક- 9825139287 સમય- સવારે 11 થી રાત્રે- 10 (12963)

જોઈએ છે
ટર્નર ફીટર, ડ્રીલમેન, હેલ્પર સચીન એરિયા માટે ફોન: 9925144406 (12937)

રસોઈયા જોઈએ છે
અલ્થાણ, ચાઈના ગેટ નં ૨ પાસે આવેલ આશીર્વાદ રેસિડેન્સીમાં દરરોજ બે ટાઈમ રસોઈ બનાવવા માટે રસોઈયાની જરૂર છે. સંપર્ક: વીણાબેન મો: 9898503100 (409)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.